લોકસત્તા જનસત્તા વડોદરા
બુધવાર ૦૯ જૂન, ૨૦૨૧
09

# પૌષક લિમિટેડ

**CIN:** L51909GJ1972PLC044638
રજીસ્ટર્ડ ઓફિસઃ એલેમ્બિક રોડ, વડોદરા–૩૯૦૦૦૩
ફોનઃ +૯૧ ૨૬૫ ૨૨૮૦૫૫૦
**E-mail:** investors@paushak.com| **Website:** www.paushak.com

## નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની **૪૮મી વાર્ષિક સામાન્ય સભા** (''એજીએમ'') **મંગળવાર, તા.૩ જી ઓગસ્ટ, ૨૦૨૧**ના રોજ **બપોરે ૪.૦૦ કલાકે** કંપની ધારા, ૨૦૧૩ (''ધારા'') અને સિક્યુરિટીસ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ ૨૦૧૫ ની લાગુ પડતી જોગવાઈઓ અનુસાર અને મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સના ૫મી મે, ૨૦૨૦ના સામાન્ય પરિપત્ર નંબર ૨૦/૨૦૨૦ સાથે વાંચતા ૮મી એપ્રિલ, ૨૦૨૦ના સામાન્ય પરિપત્ર નંબર ૧૪/૨૦૨૦, ૧૩મી એપ્રિલ, ૨૦૨૦ના સામાન્ય પરિપત્ર નંબર ૧૭/૨૦૨૦ અને ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૧ના સામાન્ય પરિપત્ર નંબર ૦૨/૨૦૨૧ તથા સીક્યુરિટીસ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના ૧૨મી મે, ૨૦૨૦ના પરિપત્ર નંબર SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 સાથે વાંચતા ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૧ના પરિપત્ર નંબર SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 અન્વયે વિડિયો કોન્ફરન્સિંગ ("VC") / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમ ("OAVM") દ્વારા યોજાશે.

એજીએમની નોટિસ સહિતનો વાર્ષિક અહેવાલ જેમાં VC/OAVM દ્વારા એજીએમમાં જોડાવવા તથા ઈ-મતદાન કરવાની પ્રક્રિયા અને પદ્ધતિનો સમાવેશ છે તે, ફક્ત એજ સભ્યોને મોકલવામાં આવશે જેમના ઈ-મેલ એડ્રેસ કંપની/ડિપોઝિટરીઝમાં નોંધાયેલા છે. વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.paushak.com, સ્ટોક એક્સચેંજની વેબસાઈટ એટલે કે બીએસઈ લિમિટેડ, www.bseindia.com પર તથા નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડની વેબસાઈટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ રહેશે.

**ઈ-મેલ આઈડી, PAN અને બેંક વિગતો અપડેટ કરવા બાબતઃ**

વાર્ષિક અહેવાલ મેળવવા માટે ઈ-મેલ આઈડીનું રજીસ્ટ્રેશન, ઈ-મતદાન કરવા માટે યુઝર આઈડી અને પાસવર્ડ તથા PAN અપડેટ કરવા અને ડિવિડન્ડ પ્રાપ્ત કરવા માટે બેંક ખાતાની વિગતો અપડેટ કરવા માટેની પ્રક્રિયા નીચે મુજબ છેઃ

(i) જો શેર્સ ફિઝિકલ મોડમાં ધરાવતા હોય તો, તે સભ્યોએ કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, લિંક ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ ("LIIPL") ની વેબસાઈટ https://linkintime.co.in/EmailReg/Email_Register.html ની મુલાકાત લઈ જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા.

(ii) જો શેર્સ ડીમેટ મોડમાં ધરાવતા હોય તો, તે સભ્યોને તેમના સંબંધિત ડિપોઝીટરી પાર્ટીશીપન્ટસ સાથે અથવા ઉપર (i) માં જણાવેલ વેબલિંક પર મુલાકાત લઈને ઇ-મેલ આઇડી, PAN અને બેંક ખાતાની વિગતો અપડેટ કરવા વિનંતી છે.

**ડિવિડન્ડ પર TDS:**

આયકર અધિનિયમ, ૧૯૬૧ની પ્રવર્તમાન જોગવાઈઓ અનુસાર, કંપનીને ૧લી એપ્રિલ, ૨૦૨૦ પછી તેના શેરધારકોને ચૂકવવામાં આવતા ડિવિડન્ડ પર નિર્ધારિત દરે ટેક્સ ડિડક્ટેડ એટ સોર્શ (TDS) કાપવાનો રહેશે. TDSનો દર શેરધારકના રહેણાંક સ્થિતિ તથા તેઓએ સબમીટ કરેલ દસ્તાવેજો જે કંપની દ્વારા સ્વીકારેલા હોય તેના આધારે નિર્ધારિત રહેશે. તેથી શેરધારકોને તેમના PAN અને લાગુ દસ્તાવેજો ઉપર દર્શાવેલ પ્રક્રિયા મુજબ અપલોડ કરવા વિનંતી કરવામાં આવે છે, જેથી ઊંચા દરે TDS ની કપાત ટાળી શકાય.

LIIPL ની વેબસાઈટ https://web.linkintime.co.in/formsreg/submission-of-form-15g-15h.html ની મુલાકાત લઈ ફોર્મ 15G/15H, કલમ ૧૯૬, ૧૯૭-A અંતર્ગત દસ્તાવેજો, એફપીઆઈ રજીસ્ટ્રેશન સર્ટિફીકેટ, ટેક્ષ રેસીડન્સી પ્રમાણપત્ર, લોઅર ટેક્સ સર્ટિફિકેટ અપલોડ કરવા વિનંતી છે, જેથી કંપની યોગ્ય TDS/વીથહોલ્ડિંગ ટેક્સ નો દર નક્કી કરી શકે.

**પૌષક લિમિટેડ વતી,**
સહી/-
**મનીષા સરાફ**
કંપની સેક્રેટરી

**સ્થળ : વડોદરા**
**તારીખઃ ૮મી જૂન, ૨૦૨૧**

આ નોટીસ કંપનીની વેબસાઇટ www.paushak.com ઉપર ઇનવેસ્ટર સેક્શનમાં અને સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ www.bseindia.com ઉપર કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેક્શનમાં પણ ઉપલબ્ધ છે.